# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૩



રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહીં. ઈન્દ્ર ઉપરથી ઊતરે તોપણ રોગ થયા વિના રહેશે નહિ લે! અને રાગના કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ એક જ ભાવની તેનાથી ઉત્કૃષ્ટભાવની અપેક્ષાએ કોઈ ઠેકાણે નિંદા કરી હોય તથા કોઈ ઠેકાણે તેનાથી હીનભાવની અપેક્ષાએ પ્રસંશા કરી હોય ત્યાં વિરોધ ન સમજવો, જેમ કે કોઈ શુભક્રિયાની જ્યાં નિંદા કરી હોય ત્યાં તો તેનાથી ઊચ્ચ શુભક્રિયા વા શુદ્ધભાવની અપેક્ષા છે એમ સમજવું તથા જ્યાં પ્રશંસા કરી હોય ત્યાં તેનાથી નીચી ક્રિયા વા અશુભક્રિયાની અપેક્ષા સમજવી. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ જાણવું. ૧૩૬૨.

*(શ્રી ટોડરમલ્લજી મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર–૮, પાનું–૨૯૭)*

✻ જૈસે રેશમકા કીડા અપને હી મુખસે તારોંકો નિકાલકર અપનેકો હી ઉસમેં આચ્છાદિત કર લેતા હૈ, ઉસી પ્રકાર હિતાહિતમેં વિચારશૂન્ય હોકર યહ ગૃહસ્થજન ભી અનેક પ્રકારકે આરંભોસે પાપ-ઉપાર્જન કરકે અપનેકો શીઘ્ર હી પાપજાલમેં ફસા લેતે હૈં. ૧૩૬૩.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૪, શ્લોક-૧૪)*

✻ પોતાનો સહજ આસ્વાદી થઈ પરપ્રેમ મટાડી ચેતના પ્રકાશના વિલાસરૂપ અતીન્દ્રિયભોગ ભોગવ! શું જૂઠા જ સુના જડમાં સ્વપણું માને છે! તથા પરને કહે છે કે ‘આ અમને દુઃખ આપે છે’ પણ તેમાં દુઃખ દેવાની શક્તિ નથી. બીજાના માથે જૂઠું આળ દે છે પણ તારી હરામજાદી દેખતો નથી! અચેતનને નચાવતો ફરે છે, લાજ પણ આવતી નથી. મડદાથી સગાઈ કરી, હવે અમે તેની સાથે વિવાહ કરી સંબંધ કરીશું; તો એવી વાત લોકમાં પણ નિંદ્ય છે. તમે તો અનંતજ્ઞાનના ધારક ચિદાનંદ છો. જડની સાથે સ્વપણું માનવાની અનાદિની જૂઠી વિટંબણા મટાડો! ૧૩૬૪.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૬૬)*

✻ કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત સુખસ્વરૂપ જે તે ઉત્કૃષ્ટ તેજ છે તેને જાણતાં બીજું શું ન જણાયું? તેને દેખી લેતાં બીજું શું ન દેખવામાં આવ્યું? અને તેને સાંભળતાં બીજું શું ન સાંભળવામાં આવ્યું? અર્થાત્ એક માત્ર તેને જાણી લેતાં બધું જણાઈ ગયું છે, તેને દેખી લેતાં બધું જ દેખવામાં આવી ગયું છે અને તેને સાંભળી લેતાં બધું જ સાંભળી લીધું છે. ૧૩૬૫.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક–૨૦)*

✻ જિનેન્દ્ર ભગવંતોને જો ભોગ કહા હૈ વહ સર્વ દોષોંસે રહિત શુદ્ધ આત્મભોગ હૈ જહાઁ આત્માકે અનુભવમેં સંતોષ હો વહી શુદ્ધ આત્મભોગ હૈ, ઐસા ભોગી સંસારમાર્ગકે કારણ ભોગોંસે વિરક્ત હોતા હૈ. ૧૩૬૬.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૪૯૦)*

વર્ષ–૭
અંક–૧૧




સંવત
૨૦૬૯
JULY
A.D. 2013

# જયવંત વર્તો અનેકાંતમયી મૂર્તિ

(શ્રી સમયસાર–૧૫મી વારના પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૩, ઉત્તરાર્ધ)

હવે જયચંદજી પંડિત ભાવાર્થમાં વિશેષ અર્થ કરે છે.

ભાવાર્થ :—અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે. આશીર્વચન એટલે આશીર્વાદ. હે સમ્યગ્જ્ઞાન! હે કેવળજ્ઞાન! હે વીતરાગવાણી! તમે રહો....સદાય રહો! એમ આશીર્વાદ આપ્યા છે–આશીર્વાદરૂપે નમસ્કાર કર્યો છે.

લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી, મોરના વાહન ઉપર સરસ્વતીને બેઠેલ બતાવે છે એટલે એમ કહેવા માંગે છે કે મોર સર્પને મારી નાંખે છે. સમ્યગ્જ્ઞાન અજ્ઞાનના ઝેરને મારી નાંખીને પોતે જીવતો ચૈતન્ય રહે છે. મોર સપૂછો ખાય....એવી કહેવત છે એટલે કે મોર સર્પને પૂછડાથી એવો પકડે કે સર્પ તરત ઢીલો પડી જાય પછી તેને મોર ખાઈ જાય છે. સરસ્વતી–જિનવાણી, સમ્યગ્જ્ઞાન અને કેવળજ્ઞાન અજ્ઞાનના ઝેરને હણી નાંખીને આત્મામાં અમૃત ભરી દે છે. વીતરાગની વાણી એવી છે ભાઈ!

અનેકાંતમય વીતરાગની વાણી એકાંત એવા અજ્ઞાનના ઝેરને હણી નાંખે છે, અનેકાંત જ જીવને જીવાડે છે. સપ્તભંગીમાં આવે છે કે સ્યાત્કારરૂપી અમોઘ મંત્ર 'જ' કારમાં રહેલા વિરોધવિષને દૂર કરે છે. 'જ'કાર એટલે એકાંતના વિષને સમ્યગ્જ્ઞાન દૂર કરે છે અને ભગવાનની વાણી પણ એવી છે કે તે અજ્ઞાનના વિષને ઉતારવાનું કારણ થાય છે. શાસ્ત્રમાં તો બહુ ભર્યું છે....ઘણું ભર્યું છે આહાહા!

**ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;**
**શુદ્ધાતમ ચિંતન કરી, લે શિવસુખનો લાભ.** —શ્રી યોગસાર

લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ છે તે યથાર્થ નથી માટે, અહીં જે સરસ્વતીની યથાર્થ મૂર્તિ છે તેનું વર્ણન કર્યું છે કે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે. આત્માના પૂર્ણ સ્વરૂપને સમ્યગ્જ્ઞાન જ બતાવે છે કે આત્મા પોતાના અનંતગુણોથી પૂર્ણ છે અને પરથી, પરભાવથી ભિન્ન છે અને વિકાર ક્ષણિક પર્યાયમાં હોવા છતાં તે જીવનો સ્વભાવ નથી. પ્રવચનસારની ૪૭ નયમાં પણ વિકારનું કર્તાપણું જીવમાં છે એ તેનો ધર્મ બતાવ્યો છે. ઈશ્વરનયે પરાધીનતા પણ જીવ સ્વયં કરે છે અને ભોગવે છે એ વાત પણ 'નય'ના પ્રકરણમાં કરી છે. શ્રુતજ્ઞાન જ આ બધા ધર્મોને બતાવે છે અને સંપૂર્ણજ્ઞાન તે કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે, તેથી કેવળજ્ઞાન પણ સરસ્વતીની મૂર્તિ છે.

ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારાનો કદી વિરહ ન હોય. જુઓ! આ એક જ સિદ્ધાંત છે કે ત્રણ કાળમાં એક સમય પણ ત્રણ કાળના જ્ઞાતાનો વિરહ કદી હોય જ નહિ. ત્રણ કાળમાં એવો કોઈ સમય નથી કે તેમાં ત્રણ કાળના જાણનાર ન હોય. જેમ અનાદિથી જ્ઞેય પૂર્ણ છે તેમ પૂર્ણ જ્ઞેયને જાણનારા પણ અનાદિથી જ છે. આહાહા! આવા કેવળજ્ઞાનની પ્રતીતિ સાધકને જ હોય છે. સાધક એના શ્રુતજ્ઞાનથી કહે છે કે મને પણ આવી દશા પ્રગટ થવાની છે. અહા! કેવળજ્ઞાન સદાય રહો!

આગમમાં એ વાત આવે છે કે સાધુને મારનારને અનંતગણું પાપ લાગે છે કેમ કે સાધુ સાધક છે તેની સાધકદશાનો અભાવ કરવા માગે છે તેથી મહાપાપી છે. બાધકજીવોને મારે છે એ તો પાપી છે જ પણ જેને સાધકપણું પ્રગટ્યું છે તેને મારી નાંખવાનો ભાવ એ બતાવે છે કે તેને જગતમાં સાધકપણું જ ન રહો એવો ભાવ છે. મારનારની માન્યતા એવી છે કે ત્રણ કાળમાં સાધકપણું જ ન રહો. જેને અલ્પકાળમાં સાધ્યદશા પ્રગટ થવાની છે એવા સાધકને મારી નાખનારાનો ભાવ સાધકભાવનો જ અભાવ કરવાનો ભાવ છે. માત્ર અત્યારે જ નહિ, પણ ત્રણ કાળમાં જે સાધકભાવ છે તેનો અભાવ કરવા માગે છે. જગતમાં સાધકપણું જ ન હો, એકલો બાધકભાવ જ હો એવો ભાવ કરીને તે જીવ નિગોદનો આરાધક થાય છે. જગતમાં કેવળજ્ઞાન ન હો એમ ભાવનાર આત્માની ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની શક્તિની વ્યક્તતાનો અભાવ હો એવી ભાવના કરે છે.

કેવળજ્ઞાન એટલે શું ભાઈ! એ એક સમયની પર્યાયનો ધર્મ એવો છે કે જગતમાં જે બધું વ્યવસ્થિત છે તે જ્ઞાનમાં વ્યવસ્થિત જણાય જાય છે. ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનાર વિનાનું જગત રહે જ નહિ. કેમ કે જગત આખું જ્ઞેયરૂપ પડ્યું છે. તેનું જ્ઞાન કરનાર ન હોય

**ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમ રૂપ;**
**થઈ તું અંતર આતમા, ધ્યા પરમાત્મ સ્વરૂપ.** —શ્રી યોગસાર

તો જ્ઞેય છે તેને કોણે જાણ્યું? જગતરૂપ જ્ઞેય પણ અનાદિ છે અને કેવળજ્ઞાનરૂપ પૂર્ણજ્ઞાન પણ અનાદિ છે. સમજાણું કાંઈ! આચાર્યદેવ આશીર્વાદ આપે છે કે સંપૂર્ણજ્ઞાન અનંતધર્મસહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે.

અહા! આ સમયસારમાં તો 'પરમાત્મા'ની મોટી પારાયણ છે. સર્વજ્ઞદેવ સિવાય આવી મોટી પારાયણ ક્યાંય હોઈ શકે જ નહિ.

સરસ્વતી એટલે સરસ+વાણી. કેવળજ્ઞાન આનંદના રસ સહિત વર્તે છે. માટે કેવળજ્ઞાનની મૂર્તિ તે સરસ્વતી છે.

તદ્ અનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ ફેર છે બાકી કાંઈ ફેર નથી. કેવળજ્ઞાન જેમ જાણે છે તે અનુસાર જ શ્રુતજ્ઞાન જાણે છે. વસ્તુસ્થિતિ જ આવી છે પણ આ ભાવ અંદરમાંથી હાથ આવવો એ કોઈ મહાન પુરુષાર્થ અને ગુરુગમ અથવા સંસ્કાર વિના જૈનદર્શન સમજાય એવું નથી. પૂર્વે કોઈ ગુરુગમ કર્યો હોય અથવા અત્યારે ગુરુગમ હોય તો આ વાત બેસે, એ વિના બેસે તેવી નથી. શ્રીમદ્ કહે છે ને!

બૂઝી ચહત જો પ્યાસ કો, હે બૂઝનકી રીત....
બિના નયન પાવે નહિ, બિના નયનકી બાત,
પાવે નહિ ગુરુગમ બિના, યે હી અનાદિ સ્થિત.

શ્રીમદ્દે ટૂંકા શબ્દોમાં પણ ઘણા ભાવો ગોઠવ્યા છે. શ્રુતજ્ઞાન આત્મતત્ત્વને પરોક્ષ દેખાડે છે અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખાડે છે. શ્રુતજ્ઞાન ઓછું દેખાડે છે અને કેવળજ્ઞાન વધારે દેખાડે છે એમ નથી કહ્યું. પ્રત્યક્ષ અને પરોક્ષનો ફેર જ બતાવ્યો છે. બંને જ્ઞાન સરસ્વતીની મૂર્તિ છે. વળી, દ્રવ્યશ્રુત—જે વચનરૂપ છે તે પણ નિમિત્તરૂપે સરસ્વતીની મૂર્તિ છે કારણ કે વચનો દ્વારા અનેક ધર્મોવાળા આત્માને તે બતાવે છે. વાણીમાં સ્વ-પરના સ્વરૂપને કહેવાની તાકાત છે. ચૈતન્યને કારણે વાણીમાં એવી તાકાત છે—એમ નથી. ભગવાન આત્મા તો સ્વ-પરને જાણવાની તાકાત ધરાવે છે. તે તાકાત પરમાંથી આવતી નથી અને વાણીમાં સ્વ-પરને કહેવાની તાકાત છે તે આત્મામાંથી આવતી નથી. આવી જ વસ્તુસ્થિતિ છે. શ્રી પ્રવચનસારમાં અમૃતચંદ્રાચાર્યે કહ્યું કે હે જીવો! મેં આ શબ્દો કહ્યાં છે અને શબ્દો તમને સમજાવે છે એમ મોહથી ન નાચો! મિથ્યાત્વમાં ન નાચો ભાઈ! શબ્દો સ્વતંત્ર પરિણમે છે.

પરમાત્માને જાણીને, ત્યાગ કરે પરભાવ;
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર. —શ્રી યોગસાર

હું તો જ્ઞાનમાં ગુપ્ત છું. જ્ઞાનગુપ્ત પર્યાય કાંઈ વાણીમાં આવી નથી. એ તો વાણીથી પેલે પાર અંતરમાં ગુપ્ત છે. હું વાણી કરનાર અને શબ્દો જ્ઞાન કરાવનાર છે એમ નથી ભાઈ! તારું જ્ઞાન તારાથી થાય છે. શબ્દોમાં નિમિત્તપણે સ્વ-પરને કહેવાની તાકાત છે અને જ્ઞાનમાં સ્વ-પરને જાણવાની તાકાત છે. માટે તારામાં સ્વ-પરને જાણવાની લાયકાત છે.

આ રીતે સર્વ પદાર્થોના તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે. ત્રણ કાળમાં ત્રણ કાળને બતાવનારી આવી વાણી, સમ્યગ્જ્ઞાન અને કેવળજ્ઞાન આ ત્રણેયનો વિરહ કદી હોય નહિ. અત્યારે મહાવિદેહમાં કેવળજ્ઞાની તીર્થંકર ભગવાન બિરાજે છે અને દિવ્યધ્વનિ પણ ખરે છે, દિવસમાં ચાર વખત ચાર ઘડી વાણી ખરે છે. વીતરાગની પ્રતિમા પણ શાશ્વત બિરાજે છે. વીતરાગી વાણીનો પ્રવાહ પણ શાશ્વત છે. वंदित्तु सव्वसिद्धे....માં આવશે કે આગમનો પ્રવાહ અનાદિ છે, અમે કોઈ તેના કર્તા નથી.

સરસ્વતીની મૂર્તિ એટલે ભગવાનની વાણી અનેક ધર્મોવાળા આત્મતત્ત્વને બતાવે છે. વાણીમાં જ્ઞાન નથી પણ વાણીમાં નિમિત્તપણે એવી યોગ્યતા છે કે ભગવાનના જ્ઞાનમાં જેમ આવે છે તેમ જ વાણી બતાવે છે. ભાષાનો કાળ હોય ત્યારે એવા જ જ્ઞાનનું ત્યાં નિમિત્તપણું હોય પણ જ્ઞાન તે ભાષાનો કર્તા નથી. નિમિત્તની વ્યાખ્યા જ એવી છે કે નિમિત્ત એક પૃથક ચીજ છે. તેનું કર્તા-કર્મ તેના પરમાણુમાં સ્વતઃ છે. નિમિત્તને કારણે ભાષા પરિણમતી નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન સમજાય તો તેમાં પણ ગોટા વળે છે, કર્તા-કર્મસંબંધ માની બેસે છે.

સર્વજ્ઞ ભગવાનની વાણીમાં તો બધું એકસાથે આવે છે છતાં સાંભળનારને બધાને પોતપોતાની યોગ્યતા પ્રમાણે જ્ઞાન થાય છે. ગણધરદેવને વિશેષ ગ્રહણ થાય છે તો બીજાને બીજું ગ્રહણ થાય છે. આ નારદ પૂછવા ગયા હતા કે પ્રદ્યુમ્ન ક્યારે ઘરે આવશે? તો તેને તે સંબંધનું જ્ઞાન થયું એટલે જેની જેવી યોગ્યતા હોય તેવું જ્ઞાન થાય છે. તેમાં સર્વજ્ઞ ભગવાન અને વાણી તો નિમિત્તમાત્ર છે. ભગવાનની વાણીનો ધોધ તો એકસાથે આવે છે પણ જેને ક્ષયોપશમની જે જાતની જેટલી યોગ્યતા હોય તે તેનું ઉપાદાન છે, તેને વાણી અનુકૂળ હોવાથી વાણીને એટલું નિમિત્ત કહેવામાં આવે છે.

સર્વ પદાર્થોના તત્ત્વને જાણવામાં નિમિત્તરૂપ આ વાણીને 'સરસ્વતી' ઉપરાંત બીજા ઘણા નામોથી કહેવામાં આવે છે. 'વાણી' પણ કહેવાય 'ભારતી' પણ કહેવાય. 'શારદા' પણ કહેવાય અને 'વાગ્દેવી' પણ કહેવાય છે.

**દેહાદિક જે પર કહ્યાં, તે નિજરૂપ ન થાય;**
**એમ જાણીને જીવ તું, નિજરૂપને નિજ જાણ.** —શ્રી યોગસાર

'નમો દેવી વાગેશ્વરી જૈનવાણી'....એમ જિનવાણીની સ્તુતિમાં આવે છે તો કોઈ કહે આ અન્યમતમાં વાઘના વાહન ઉપર બેસનારી દેવીને વાઘેશ્વરી કહે છે તે અહીં ક્યાંથી આવી? ભાઈ! અહીં 'વાઘેશ્વરી' નથી પણ 'વાગેશ્વરી' કહી છે. વાણીમાં ઈશ્વરી એટલે વાણી દ્વારા અનેકાંતમય પૂર્ણ વસ્તુને બતાવનારી હોવાથી વાગેશ્વરી કહેવાય છે.

આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને સ્યાત્પદથી એક ધર્મમાં અવિરોધપણે સાધે છે. તેથી તે સત્યાર્થ છે. અનંત ધર્મો વસ્તુમાં જ છે–વસ્તુના જ છે તેથી વસ્તુમાં અવિરોધપણે સ્થાપે છે. તે જિનવાણી સત્યાર્થ છે. કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને અન્ય રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.

જુઓ! આ પ્રમાણે અહીં પહેલો શ્લોક 'દેવ'નો લીધો, બીજો શ્લોક 'શાસ્ત્ર'નો લીધો અને ત્રીજો 'ગુરુ'નો લેશે. આચાર્યદેવ પોતે 'ગુરુ'પદમાં છે. તેથી 'ગુરુ'માં પોતાની વાત આવી જશે. એ તો બધું કુદરતે સહજ એવું આવી જાય. કોઈ તેના કર્તા નથી. શાસ્ત્રની રચનાનો આ રીતે પ્રકાર બધો સહજ બની ગયો છે, કર્તા થઈને આચાર્યદેવ કરતાં નથી, સહજ બને છે. ભગવાન તો જ્ઞાતા છે. જાણનાર છે એ કાંઈ રાગમાં આવી જાય છે? કે વાણીમાં આવી જાય છે? ભગવાન તો ગુપ્ત ચૈતન્યસ્વરૂપ છે તે રાગમાં પણ આવતા નથી તો વાણીમાં ક્યાંથી આવે! આવું આત્માનું સ્વરૂપ છે. તેનો નિર્ણય કરવો જોઈએ.

કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે? આ અનંત ધર્મો એટલે અનંત સ્વભાવની વાત છે. ધર્મ એટલે જૈનધર્મ, સ્વામિનારાયણ ને વિષ્ણુ એવા ધર્મની વાત નથી. વસ્તુમાં રહેલા અનંત સ્વભાવોને ધર્મ કહેવામાં આવે છે. તે ધર્મો ક્યા ક્યા છે એમ પ્રશ્ન કરે છે. તેનો ઉત્તર—વસ્તુમાં સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું, અચેતનપણું, મૂર્તિકપણું, અમૂર્તિકપણું ઈત્યાદિ ધર્મો તો ગુણો છે. દરેક વસ્તુમાં આવા અનંત ગુણો રહેલાં છે.

સત્પણું–એટલે હોવાપણું. દરેક વસ્તુમાં તેનું હોવાપણું છે તે ગુણ છે.

વસ્તુપણું–વસ્તુમાં અનેક ગુણો વસેલા છે માટે તે વસ્તુ છે.

પ્રમેયપણું–દરેક વસ્તુમાં જ્ઞાનમાં જણાવવાનો–પ્રમેય થવાનો સ્વભાવ છે. તો સામે પ્રમેય કરનાર એટલે જાણનાર–પ્રમાણ કરનાર એ પણ જીવવસ્તુનો ગુણ છે. આત્મામાં પ્રમેયગુણ છે તે દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયમાં વ્યાપ્યો છે તેને આત્માની વર્તમાન પ્રગટ જ્ઞાન પર્યાય પ્રમાણ કરે છે. વિકારી કે અવિકારી દરેક પર્યાય છે તેમ તેને જાણવાનો પોતાનો પ્રમેય

બંધ મોક્ષ પરિણામથી, કર જિનવચન પ્રમાણ;
નિયમ ખરો એ જાણીને, યથાર્થ ભાવે જાણ. —શ્રી યોગસાર

ગુણ છે અને પ્રમેય થવાનો ગુણ પણ જીવમાં છે. જીવ સિવાયના પાંચ દ્રવ્યોમાં પ્રમાણ કરવાનો ગુણ નથી. માત્ર પ્રમેય થવાનો ગુણ છે માટે કોઈ દ્રવ્ય એવું નથી કે તે જ્ઞાનમાં ન જણાય. દ્રવ્ય, ગુણ, પર્યાય બધામાં પ્રમેયધર્મ વ્યાપેલો છે.

પ્રદેશપણું—દરેક વસ્તુમાં તેના પ્રદેશ હોય છે. પરમાણુ અને કાલાણુ એકપ્રદેશી છે, બીજા દ્રવ્યો બહુપ્રદેશી છે પણ પ્રદેશ વિનાનું તો કોઈ દ્રવ્ય હોય જ નહિ.

ચેતનપણું—ચેતનપણું એ જીવનો ધર્મ છે.

અચેતનપણું—એ અજીવદ્રવ્યોનો ગુણ છે.

મૂર્તિકપણું—એ પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે.

અમૂર્તિકપણું—પુદ્‌ગલ સિવાયના જીવાદિ પાંચેય દ્રવ્યોમાં આ ગુણ હોય છે. ઈત્યાદિ ધર્મો તે ગુણો છે અને તે ગુણોનું સમય સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે. બે સમયની પર્યાય કદી ભેગી થાય નહિ. પર્યાયનો ધર્મ એક સમયવર્તીનો જ છે. પ્રવચનસારની ૧૦૭ ગાથામાં છે કે સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય એ બધું સત્ છે. માટે પર્યાય ભલે એક સમયની હો પણ તે સત્ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તમ સત્ છે માટે સત્‌માં ત્રણેય આવી જાય છે. દરેક દ્રવ્યમાં સમય સમયે જે પરિણમન થાય છે તે તેનો પર્યાય છે કે જે અનંત છે.

આ સત્‌પણું આદિ અનંત ગુણો છે. હવે એકપણું આદિ અનંત ધર્મો છે તે કહે છે. આલાપપદ્ધતિમાં કહ્યું છે કે ગુણને અપેક્ષાથી ધર્મ કહેવાય પણ 'ધર્મ' તે ગુણ ન થાય. આવા ધર્મ પણ વસ્તુમાં અનંત છે. ધર્મને પર્યાય ન હોય. ગુણોને પર્યાય હોય. ધર્મોની વ્યાખ્યા હવે પછી કહેવાશે. (ક્રમશઃ)

---

✻ હે યોગી! દેહમાં પરમાત્મા વસતા હોવા છતાં એ દેહમાં વસેલાં પરમાત્માને તું કેમ દેખતો નથી? એ પરમાત્માને દેખવાથી તારા પૂર્વ ઉપાર્જિત કર્મના ચૂરા થઈ જશે અને તું નિર્વાણને પામીશ. મોટા પુરુષ મળવા આવ્યા હોય અને સાધારણ બાળક આદિ સાથે વાતો કરવામાં રોકાઈ જા તો તે મોટા પુરુષનું અપમાન છે. તેમ ત્રણલોકનું ઉત્કૃષ્ટ તત્ત્વ એવા નિજ પરમાત્મા દેહમાં વસતાં હોવા છતાં તેને તું દેખતો નથી અને પર-પ્રપંચને જાણવામાં રોકાઈને નિજ પરમાત્માનું અપમાન કરી રહ્યો છો. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**જીવ-પુદ્‌ગલ બે ભિન્ન છે, ભિન્ન સકળ વ્યવહાર;**
**તજ પુદ્‌ગલ ગ્રહ જીવ તો, શીઘ્ર લહે ભવપાર.** —શ્રી યોગસાર

# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

तिहुवण-तिलयं देवं वंदित्ता तिहुवणिंद-परिपुज्जं ।
वोच्छं अणुपेहाओ भविय-जणाणंद-जणणीओ ।।१।।

त्रिभुवनतिलकं देवं वंदित्वा त्रिभुवनेन्द्रपरिपूज्यं।
वक्ष्ये अनुप्रेक्षाः भविकजनानन्दजननीः ।।१।।

**અર્થ :—**ત્રણ ભુવનના તિલક અને ત્રણ ભુવનના ઈન્દ્રોથી પૂજ્ય એવા દેવને હું નમસ્કાર કરી ભવ્યજીવોને આનંદ ઉપજાવવાવાળી અનુપ્રેક્ષા કહીશ. ૧.

આ પહેલી ગાથામાં મંગળ તરીકે શ્રી જિનેન્દ્રદેવને ઓળખીને તેમને વંદન કર્યું છે. કેવા દેવને નમસ્કાર કર્યો છે? કે જેઓ ત્રણ ભુવનના તિલક છે અને ત્રણ ભુવનના ઈન્દ્રોથી પૂજ્ય છે. આવા સર્વજ્ઞને નમસ્કાર કર્યા છે અને પ્રતિજ્ઞા કરી છે કે હું ભવ્ય જીવોને આનંદની ઉપજાવનારી બાર ભાવનાઓ કહીશ. ખરેખર સમ્યગ્દર્શન પછી જ ભાવનાઓ યથાર્થ હોય છે. આવી બાર ભાવના તે સંવરનું કારણ છે.

જુઓ, આ માંગલિકમાં એ વાત આવી ગઈ કે પહેલાં જ સર્વજ્ઞદેવને ઓળખવા જોઈએ અને કુદેવાદિનું વંદન–પૂજન છોડવું જોઈએ. કુદેવ વગેરેની માન્યતા કરવી તે મિથ્યાત્વ છે. ચાર પ્રકારના દેવો અને બીજા કલ્પિત દેવોથી અહીં જિનદેવને ભિન્ન બતાવવા માટે તેમને ''त्रिभुवनतिलकं'' કહ્યા છે. જિનદેવ તરીકે અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય ને સાધુ એ બધાને લેશે. પાંચે પરમેષ્ઠી ભગવંતો દેવ છે. તેમના સિવાય કુદેવાદિ કોઈ પૂજ્ય નથી.

ત્રણ ભુવનના તિલક તો ઈન્દ્રને પણ કહેવાય છે. તેનાથી સર્વજ્ઞને જુદા બતાવવા તેમને ત્રણ ભુવનના ઈન્દ્રોથી પૂજ્ય કહ્યા છે. આવા સર્વજ્ઞ દેવને નમસ્કાર કર્યા છે.

અહીં એમ જાણવું કે—એવું દેવપણું તો શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠીમાં જ સંભવે છે. કેવા છે તે પંચપરમેષ્ઠી દેવો? તેનું વર્ણન કરે છે.

### ૧. પરમ સ્વાત્મજનિત આનંદસહિત ક્રીડા.

પરમ સ્વાત્મજનિત આનંદ સહિત ક્રીડા તેમને વર્તે છે. જડની ક્રિયાને તો તે પોતાની

> **નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ પુણ્ય;**
> **ભમે તો ય સંસારમાં, શિવસુખ કદી ન થાય.** —શ્રી યોગસાર

માનતા નથી. વિકારની ક્રિયામાં આનંદ માનતા નથી પણ આત્માની સ્વાભાવિક આનંદની ક્રીડા કરે છે. જુઓ! અરિહંત અને સિદ્ધ તો દેવ છે પણ આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ તે પણ દેવ છે. કેવા સાધુ? કે જેમને આત્માના સ્વભાવજનિત આનંદસહિત ક્રિયા વર્તે છે. વ્યવહારથી લાભ માનતા નથી. દેહની ક્રિયાથી લાભ માને કે વ્યવહારના આશ્રયથી લાભ માને તો તેને સ્વાત્મજનિત આનંદની ક્રીડાનું ભાન નથી ને તે દેવ નથી.(-ગુરુ નથી.)

### ૨. કર્મને જીતવારૂપ વિજિગીષા(જિતવાની ઇચ્છા)

કર્મને જીતવારૂપ વિજિગીષા સહિત છે, તેથી પંચપરમેષ્ઠી ભગવંતો દેવ છે. સિદ્ધ ભગવાને આઠ કર્મોને જીત્યા છે, તેથી તેમને વિજિગીષા ક્રિયા છે અને તે દેવ છે. અરિહંતોએ ચાર કર્મોને જીત્યા છે, તેથી તે પણ દેવ છે અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુએ પણ આત્માના આનંદસ્વભાવના અવલંબે દર્શનમોહને તેમ જ ત્રણ કષાયોને જીતી લીધા છે, તેથી તેઓ પણ દેવ છે. આવી વિજિગીષા નામની ક્રિયા તેમને છે.

જુઓ, આ પંચપરમેષ્ઠી ભગવંતોની ક્રિયાનું વર્ણન છે. ભાવની લીનતામાં રહીને આનંદની અનુભવરૂપ ક્રીડા કરે છે ને કર્મને જીતવારૂપ વિજિગીષા છે. આવી ક્રિયા તેમને વર્તે છે, તેથી તેઓ દેવ છે. આવા દેવ વંદનીય છે. આ સિવાય બીજા કુદેવને વંદન કરવા જેવું નથી. પાંચે પરમેષ્ઠીને અહીં દેવ કહ્યા છે. આત્માના અનુભવનો આનંદ તેમને પ્રગટ્યો છે ને વિકારને જીતી કર્મનો નાશ કર્યો છે.

### ૩. સ્વાત્મજનિત જ્ઞાનપ્રકાશરૂપ ધુતિ.

વળી તેમને સ્વાત્મજનિત પ્રકાશરૂપ દ્યુતિ છે. અરિહંત અને સિદ્ધ ભગવંતોને કેવળજ્ઞાન પ્રકાશ અસંખ્ય પ્રદેશે પ્રગટ્યો છે ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુને પણ આત્માના ચિદાનંદસ્વભાવના અંતર અવલંબને પ્રગટેલા સ્વાત્મજનિત પ્રકાશની જ અહીં વાત લીધી છે.

### ૪. સ્વસ્વરૂપની સ્તુતિ

પંચપરમેષ્ઠી ભગવંતો સ્વસ્વરૂપની સ્તુતિની ક્રિયા કરે છે. પરની સ્તુતિનો ભાવ તો રાગ છે, પુણ્ય છે. પંચપરમેષ્ઠી ભગવંતો નિજસ્વરૂપમાં એકાગ્ર થઈને તેની સ્તુતિ કરે છે. સ્વસ્વરૂપનું જ અનુમોદન કરે છે, વચ્ચે રાગ-વ્યવહાર આવે તેનું અનુમોદન કરતા નથી. જે જીવ રાગની કે પરની સ્તુતિથી ધર્મ માને છે તે તો મૂઢ છે. અખંડ ચિદાનંદ સ્વરૂપની સ્તુતિ

નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;
હે યોગી! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ. —શ્રી યોગસાર

તેનું બહુમાન ચૂકીને એકલી પરની સ્તુતિમાં રોકાય તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. તેવાને અહીં પરમેષ્ઠીમાં ગણ્યા નથી. અરિહંતોને અને સિદ્ધને તો સ્વસ્વરૂપની પૂર્ણ સ્તુતિ થઈ ગઈ છે ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ પણ વીતરાગભાવે સ્વસ્વરૂપની સ્તુતિ કરે છે. સમ્યગ્દર્શન વગર સ્વસ્વરૂપની સ્તુતિ હોય નહિ.

## ૫. સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ

પંચપરમેષ્ઠીને સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ વર્તે છે. ધર્મીને પોતાના શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપમાં જ પરમ પ્રમોદ અને ઉત્સાહ છે. બહારમાં માન—આબરૂનો પ્રમોદ નથી. ઘણા પર જીવો સમજી જાય તેનો પ્રમોદ નથી પણ જ્ઞાનાનંદ વીતરાગી સ્વરૂપમાં જ તેમને પરમ ઉત્સાહભાવ વર્તે છે તેથી સ્વસ્વરૂપમાં જ પરમ પ્રમોદ છે. રાગમાં, નિમિત્તમાં કે વ્યવહારમાં તેમને પ્રમોદ કે ઉત્સાહ વર્તતો નથી. આવા પંચપરમેષ્ઠી છે.

## ૬. લોકાલોકને જાણવારૂપ જ્ઞાનની ગતિ

લોકાલોકમાં વ્યાપ્તિરૂપ ગતિ છે એટલે કે તેનું જ્ઞાન લોકાલોકને જાણી લે છે. અરિહંત અને સિદ્ધ તો લોકાલોકને સાક્ષાત્ જાણે છે ને ભાવશ્રુતજ્ઞાનના બળે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ પણ લોકાલોકને જાણે છે. લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયનો પત્તો જેમને જ્ઞાનમાં આવી ગયો છે, એવી તેમના જ્ઞાનની ગતિ એટલે કે પરિણમન છે. અંદરમાં તેમને સમ્યગ્જ્ઞાનનો દીવડો ખીલી ગયો છે ને લોકાલોકના બધા ભાવોનો નિર્ણય કરવામાં જેમના જ્ઞાનની ગતિ પહોંચી વળે છે, એવા સાધુ હોય ને એવા સાધુ—પરમેષ્ઠી તે વંદ્ય છે. આવા સાધુને ઓળખીને તેમને વંદન કરે તે ખરો સેવક છે.

## ૭. શુદ્ધ સ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ કાંતિ

શુદ્ધ સ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ કાંતિ છે. આવી પંચપરમેષ્ઠીની ક્રિયા છે. બહારની શરીરાદિની કાંતિ તો જડ છે પણ ચૈતન્યપ્રકાશથી ઓપિત એવા શુદ્ધ સ્વરૂપમાં પ્રવૃત્તિ છે તે જ પંચપરમેષ્ઠીની કાંતિ છે.

આમ સાત પ્રકાર કહ્યા. તે દેવપણાની ઉત્કૃષ્ટ ક્રિયા છે. જેનામાં આવી ક્રિયા ન હોય તેને વીતરાગશાસન 'દેવ' તરીકે સ્વીકારતું નથી. આત્માની ઉત્કૃષ્ટ પવિત્ર ક્રિયા અરિહંત અને સિદ્ધને પૂર્ણ છે ને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓને પણ તે અંશે હોય છે, તેથી આવા

> ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;
> ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર લહે નિર્વાણ. —શ્રી યોગસાર

પંચપરમેષ્ઠી ભગવંતો જ સર્વોત્કૃષ્ટ દેવ છે, તેઓ જ મંગલરૂપ છે ને તેઓ જ નમસ્કાર કરવાયોગ્ય છે. આ સિવાય બીજા કોઈ ખરેખર દેવ નથી ને તે વંદ્ય નથી. પંચપરમેષ્ઠીને યથાર્થપણે ઓળખનારો સમ્યગ્દષ્ટિ જ હોય ને તેવા સમ્યગ્દષ્ટિને જ યથાર્થ બાર વૈરાગ્ય ભાવનાઓ હોય છે. કુદેવાદિને માને તેને યથાર્થ વૈરાગ્ય ભાવનાઓ હોતી નથી.

હવે 'મંગલ'નો અર્થ કહે છે.

'मं' એટલે પાપ તેને 'गल' એટલે ગાળે તથા 'मंग' એટલે સુખ તેને 'ल' એટલે લાતિ—દદાતિ અર્થાત્ આપે તેને 'મંગલ' કહીએ છીએ. એવા દેવને નમસ્કાર કરવાથી શુભ પરિણામ થાય છે અને તેનાથી પાપનો નાશ થાય છે—શાંતભાવરૂપ સુખ પ્રાપ્ત થાય છે.

આત્માનું ભાન કરીને તેનો આશ્રય કરતાં પાપનો નાશ થઈ જાય છે. ખરેખર તો આત્માના જે ભાવથી પવિત્રતા પ્રગટે ને પાપ ટળે એવો વીતરાગભાવ તે જ માંગલિક છે ને નિમિત્ત તરીકે પવિત્રતા પામેલા પંચપરમેષ્ઠી ભગવંતો માંગલિક છે. પંચપરમેષ્ઠીને ઓળખીને તેમનું બહુમાન કરતાં પોતાને રાગ ટળીને શાંત પરિણામ થાય છે તેટલું સુખ પ્રાપ્ત થાય છે ને અશુભ ટળે છે.

એ અનુપ્રેક્ષાનો અર્થ કહે છે. આ શાસ્ત્રમાં બાર ભાવનાનું વર્ણન છે. આ અનિત્ય વગેરે બાર ભાવનાઓ તીર્થંકર ભગવંતો ભાવે છે. ગૃહસ્થાશ્રમમાં નિજાનંદી આત્માના ભાનપૂર્વક શરીરાદિની અનિત્યતાની ભાવના ભાવે છે. ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિપૂર્વકની ભાવનાઓનું જ આ વર્ણન છે. નિત્ય ધ્રુવ ચિદાનંદની દૃષ્ટિ વગરની અનિત્યભાવના યથાર્થ હોતી નથી. 'બધું ક્ષણિક છે' એવી એકલી (એકાંત) અનિત્યભાવના બુદ્ધ વગેરેએ ભાવી છે તે તો અનિત્ય જાગરીકા(જાગૃતિ) છે. દેહાદિ અનિત્ય છે ને આત્મા ધ્રુવ નિત્ય છે—એમ જાણીને નિત્યસ્વભાવના આશ્રયપૂર્વકની ભાવનાનું આ વર્ણન છે.

અનુપ્રેક્ષાનો સામાન્ય અર્થ તો વારંવાર ચિંતવન કરવું એ છે. પણ ચિંતવન તો અનેક પ્રકારના છે અને તેને કરવાવાળા પણ અનેક છે, તેથી એ સર્વને ભિન્ન દર્શાવવા માટે અહીં ''भव्यानंदजननी'' એવું વિશેષણ આપ્યું છે. તેનાથી જે ભવ્યજીવોને મોક્ષપ્રાપ્તિ નિકટ આવી હોય તેમને આનંદ ઉપજાવવાવાળી એવી અનુપ્રેક્ષા કહીશ.

ઘણા જીવો સંસારના વેપાર—ધંધા વગેરેનું વારંવાર ચિંતવન કરે છે તેવી અનુપ્રેક્ષાની આ વાત નથી. તેમ જ બુદ્ધ વગેરેએ એકલી અનિત્યતાની જે ભાવના કરી છે તેવી પણ આ

**લક્ષચોરાશીયોનિમાં, ભમિયો કાળ અનંત;**
**પણ સમકિત તેં નવ લહ્યું એ જાણો નિર્ભ્રાન્ત.** —શ્રી યોગસાર

વાત નથી. પણ આ તો ધ્રુવ ચિદાનંદસ્વભાવના આશ્રયે ભવ્યજીવોને આત્માનો આનંદ દેનારી અનુપ્રેક્ષાઓનું વર્ણન છે. અભવ્યજીવને તો આવી ભાવના હોતી નથી. અભવ્યજીવો તેમ જ અનંત સંસારી ભવ્યજીવો શાસ્ત્ર વાંચીને વિચાર કરે તેમાં શુભભાવ છે પણ ચિદાનંદ આત્માના ભાન વગર બાર ભાવના હોતી નથી. માટે કહ્યું કે "આ નિકટ ભવ્યજીવોને આનંદ ઉપજાવનારી ભાવનાઓ હું કહીશ." જેમના સંસારનો અંત નજીક આવી ગયો છે, જેને વિકારની રુચિ છૂટી ગઈ છે ને ચિદાનંદ સ્વભાવની રુચિ થઈ છે એવા ભવ્યજીવોને આ બાર વૈરાગ્ય ભાવનાઓ આનંદ ઉપજાવનારી છે. આનંદ તો આત્માના સ્વભાવના આશ્રયે છે. તે સ્વભાવના ભાન સહિત આ ભાવનાઓનું ચિંતવન ભવ્યજીવોને આનંદદાયક છે. આ યથાર્થ ભાવના કરનારો અનંત સંસારી ન હોય. જેને સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શનપૂર્વક આવી ભાવનાઓ પ્રગટી છે ને અલ્પકાળે પૂર્ણતા કરવાનો છે તેવા જીવોની જ અહીં વાત લીધી છે. સમ્યગ્દર્શન પામીને પાછા પડી જાય ને અનંત સંસારમાં રખડે એવા જીવોની વાત અહીં લીધી નથી. માટે કહ્યું કે જેને મોક્ષ પ્રાપ્તિ થવાનું ટાણું નજીક આવી ગયું છે એવા ભવ્યજીવોને આનંદદાયક બાર ભાવનાઓ કહીશ.

બીજું અહીં 'अनुप्रेक्षा' એવું બહુવચનરૂપ પદ છે. ત્યાં અનુપ્રેક્ષા સામાન્ય ચિંતવન એક પ્રકારરૂપ છે, તોપણ (વિશેષપણે તેના) અનેક પ્રકાર છે.

આ ભાવના સાંભળતાં જ ભવ્યજીવોને મોક્ષમાર્ગમાં ઉત્સાહ ઊપજે છે.

જુઓ! મોક્ષમાર્ગનો જ ઉત્સાહ ઉપજાવવાની વાત કરી. પુણ્યમાં કે રાગમાં જેને ઉત્સાહ આવે તે જીવે ખરેખર આ ભાવનાઓ સાંભળી નથી. (ક્રમશઃ) ***

---

* જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષા તથા પૈસા કમાવાની અભિલાષારૂપી પાપભાવો તેમ જ દયા-દાન-વ્રતરૂપ પુણ્યભાવને એકવાર દૃષ્ટિમાંથી છોડવા પડશે. રાગ હોવા છતાં તેની મમતા છોડ! તેઓ મારે માટે આકિંચન છે—મારા માટે કિંચિત્‌માત્ર નથી, હું તો પૂર્ણાનંદનો નાથ છું. રાગનો અંશમાત્ર મારો નથી એમ દૃષ્ટિમાંથી ધર્મ-અર્થ-કામરૂપી ભાવની મમતા છોડી દે ને જ્ઞાનસ્વરૂપી ભગવાનને જ્ઞાન પરિણતિથી તું જાણ! એ સિવાય ત્રણકાળમાં આત્મા જાણવામાં આવશે નહીં. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**જ્યાં લગી શુદ્ધસ્વરૂપનો, અનુભવ કરે ન જીવ;**<br>
**ત્યાં લગી મોક્ષ ન પામતો, જ્યાં રુચે ત્યાં જાવ.** —શ્રી યોગસાર

# હેય–જ્ઞેય–ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર

(પરમાર્થ-વચનિકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(પૂર્વાર્ધ)

## ગુણસ્થાન–અનુસાર હેય–જ્ઞેય–ઉપાદેયશક્તિ વધતી જાય છે
## પરસત્તાના અવલંબને જ્ઞાની કદી મોક્ષમાર્ગ માને નહિ

''હેય એટલે કે ત્યાગરૂપ તો પોતાના દ્રવ્યની અશુદ્ધતા; જ્ઞેય એટલે કે વિચારરૂપ અન્ય ષટ્ દ્રવ્યનું સ્વરૂપ; ઉપાદેય એટલે કે આચરણરૂપ પોતાના દ્રવ્યની શુદ્ધતા. તેનું વિવેચન : જ્ઞાતાને ગુણસ્થાનકના પ્રમાણમાં હેય–જ્ઞેય–ઉપાદેયરૂપ શક્તિ હોય. જેમ જેમ જ્ઞાતાની હેય–જ્ઞેય–ઉપાદેયશક્તિ વર્દ્ધમાન થતી જાય તેમ તેમ ગુણસ્થાનની વૃદ્ધિ કહી છે. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. તેમાં વિશેષ એટલું કે એક ગુણસ્થાનવર્તી અનેક જીવ હોય તેમને અનેકરૂપનું જ્ઞાન કહીએ તથા અનેકરૂપની ક્રિયા કહીએ. ભિન્ન–ભિન્ન સત્તાને પ્રધાનપણે (સર્વથા) એકતા હોય નહિ; દરેક જીવદ્રવ્યમાં ઔદયિકભાવ અન્ય–અન્યરૂપ (ભિન્ન ભિન્ન) હોય; તે ઔદયિકભાવ–અનુસાર જ્ઞાનની અન્ય–અન્યતા જાણવી. પરંતુ વિશેષ એટલું કે કોઈ જાતનું જ્ઞાન એવું ન હોય કે પરસત્તાવલંબનશીલ થઈને મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે.–કેમ? કે અવસ્થાના પ્રમાણમાં પરસત્તાવલંબક છે પણ તે પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થતા કહેતા નથી. જે જ્ઞાન સ્વસત્તાવલંબનશીલ હોય તે જ પરમાર્થ જ્ઞાન.''

જુઓ, આ ધર્મીની વિચારધારા! ધર્માત્મા પરદ્રવ્યને તો પોતાથી ભિન્ન જાણે છે, તે તો જુદા છે જ એટલે તેમાં કાંઈ છોડવાપણું કે ગ્રહવાપણું આત્માને નથી. તે સમસ્ત પરદ્રવ્યો તો જ્ઞેયરૂપ છે.

હવે જે કાંઈ ગ્રહવા જેવું કે છોડવા જેવું છે તે પોતામાં જ છે. પોતાની અવસ્થામાં જે અશુદ્ધતા છે તે હેય છે; અશુભરાગ હો કે શુભરાગ હો–તે અશુદ્ધ છે તેથી હેય છે. તેના કોઈ પણ અંશને ધર્મી જીવ ઉપાદેય માનતા નથી.

પોતાના દ્રવ્યની શુદ્ધતા તે જ ઉપાદેય છે. શુદ્ધ દ્રવ્યને દૃષ્ટિમાં લઈને તેમાં એકાગ્રતા કરતાં પર્યાય પણ શુદ્ધ થતી જાય છે. પર્યાય–અપેક્ષાએ પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષ ઉપાદેય છે, સમ્યગ્દર્શનાદિ શુદ્ધપર્યાય પણ ઉપાદેય છે. શુદ્ધ દ્રવ્યને શ્રદ્ધા–જ્ઞાનમાં લીધું તેણે શુદ્ધ દ્રવ્યને

જ્યાં લગી એક ન જાણીયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;
મૂઢતણા વ્રત–તપ સહુ, શિવહેતુ ન કહાય. —શ્રી યોગસાર

ઉપાદેય કર્યું કહેવાય. આ રીતે પોતાના દ્રવ્યની જે શુદ્ધતા છે તે જ ઉપાદેય છે. એ સિવાય સમસ્ત પરદ્રવ્ય તો માત્ર જ્ઞેય છે.–તે નથી હેય કે નથી ઉપાદેય.

શ્રોતા :—પરદ્રવ્ય હેય કે ઉપાદેય નથી, તો શું સિદ્ધ ભગવાન વગેરે પંચપરમેષ્ઠી પણ ઉપાદેય નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધીરા થઈને આ વાત સમજવા જેવી છે, ભાઈ! શું સિદ્ધ ભગવાનનો કે પંચપરમેષ્ઠીમાંથી કોઈનો એક્કેય અંશ તારામાં આવે છે? એનો કોઈ અંશ તો તારામાં આવતો નથી તો તું એને ઉપાદેય કઈ રીતે કરીશ? હા, તને જો પંચપરમેષ્ઠીપદ ખરેખરૂં પ્રિય અને ઉપાદેય લાગે છે તો તારા દ્રવ્યની શુદ્ધતા તરફ જા ને તેમાંથી શુદ્ધ પર્યાયરૂપ પરમેષ્ઠીપદ પ્રગટ કર; એ રીતે તું પોતે જ પંચપરમેષ્ઠીમાં ભળી જા. તેથી કહ્યું છે કે 'પંચપદ વ્યવહારથી, નિશ્ચયે આત્મામાં જ.'–એટલે આત્મસન્મુખ થવું તે જ પંચપરમેષ્ઠીને ઉપાદેય કરવાની રીત છે.

વળી સિદ્ધ વગેરેને અહીં જ્ઞેય કહ્યા છે; હવે તેમનું સ્વરૂપ વિચારીને જો તેમને ખરેખર જ્ઞેય બનાવે તો તે જ્ઞાનમાં પોતાનો શુદ્ધ આત્મા ઉપાદેય થઈ જ જાય–એવો નિયમ છે. પોતાના શુદ્ધ આત્માને જે જ્ઞાન ઉપાદેય નથી કરતું તે જ્ઞાન સિદ્ધ વગેરે પંચપરમેષ્ઠીનું વાસ્તવિક સ્વરૂપ પણ ઓળખી શકતું નથી એટલે તેમને ખરેખર જ્ઞેય બનાવી શકતું નથી, તેમજ પરભાવને તે હેય પણ બનાવી શકતું નથી. આ રીતે જ્યાં શુદ્ધાત્માનું ઉપાદેયપણું છે ત્યાં જ સિદ્ધ વિગેરેનું જ્ઞેયપણું અને પરભાવોનું હેયપણું છે. હેય, જ્ઞેય ને ઉપાદેયની આવી પદ્ધત્તિ ધર્માત્માને જ હોય છે. અજ્ઞાનીને તેમાં વિપરીતતા હોય છે.

શુદ્ધ આત્માને ઉપાદેય કરીને જેમ જેમ સ્વસન્મુખતા વધતી જાય તેમ તેમ પરભાવો છૂટતા જાય ને જ્ઞાનશક્તિ વધતી જાય; શુદ્ધતા વધતાં ગુણસ્થાન પણ વધે. જ્ઞાનીને જેમ જેમ ગુણસ્થાન વધતું જાય તેમ તેમ હેય-જ્ઞેય-ઉપાદેયશક્તિ વધતી જાય છે.

શ્રોતા :—જ્ઞાનીને જેમ જેમ ગુણસ્થાન વધે તેમ તેમ અશુદ્ધતા છૂટતી જાય ને શુદ્ધતા વધતી જાય,–એટલે હેય ને ઉપાદેય શક્તિ તો વધતી જાય, પણ ગુણસ્થાન અનુસાર જ્ઞાન પણ વધે–એ કઈ રીતે? કોઈને ચોથું ગુણસ્થાન હોય છતાં અવધિજ્ઞાન હોય છે ને કોઈને બારમું ગુણસ્થાન હોય છતાં અવધિજ્ઞાન નથી હોતું, તો ગુણસ્થાન વધતાં જ્ઞાનશક્તિ વધી–એ નિયમ ક્યાં રહ્યો?

**પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરકનિવાસ;**
**બે તજી જાણે આત્માને, તે પામે શિવવાસ.** —શ્રી યોગસાર

પૂજ્ય ગુરુદેવશ્રી :—અહીં સ્વજ્ઞેયને જાણવાની પ્રધાનતા છે, કેમ કે મોક્ષમાર્ગ સાધવાનું પ્રકરણ છે. મોક્ષમાર્ગ કાંઈ અવધિજ્ઞાનથી નથી સધાતો, મોક્ષમાર્ગ તો સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાન વડે સ્વજ્ઞેયને પકડવાથી સધાય છે અને સ્વજ્ઞેયને પકડવાની આવી જ્ઞાનશક્તિ તો ગુણસ્થાન વધતાં નિયમથી વધે જ છે. ચોથા ગુણસ્થાનવાળા અવધિજ્ઞાની કરતાં, અવધિજ્ઞાન વગરના બારમા ગુણસ્થાનવાળા જીવને જ્ઞાનમાં સ્વજ્ઞેયને પકડવાની શક્તિ ઘણી વધી ગઈ છે. સ્વજ્ઞેય તરફ ઢળતું જ્ઞાન જ મોક્ષમાર્ગરૂપ પ્રયોજનને સાધે છે.

હવે, ગુણસ્થાન પ્રમાણે જ્ઞાનશક્તિ વધતી જાય એ ખરું, પણ એક ગુણસ્થાને ઘણા જીવો હોય તે બધાયને જ્ઞાન કાંઈ સરખું નથી હોતું, તેમજ તેમની બધાની ક્રિયા પણ સરખી નથી હોતી. એક ગુણસ્થાનવર્તી અનેક જીવોને જ્ઞાનાદિમાં તારતમ્યતા હોય પણ તેમાં વિરુદ્ધ જાત ન હોય. ચોથા ગુણસ્થાને અસંખ્ય જીવો છે તેમનો ઉદયભાવ જુદો, પણ તે બધાય જ્ઞાનીના જ્ઞાનની જાતિ તો એક જ. બધાય જ્ઞાનીનું જ્ઞાન સ્વાશ્રયે જ મોક્ષમાર્ગ જાણે; પરાશ્રયે મોક્ષમાર્ગ માને એવું કોઈ જ્ઞાનીનું જ્ઞાન ન હોય. ઉદયભાવ તથા જ્ઞાનનો ક્ષયોપશમભાવ એક ગુણસ્થાને બધા જ્ઞાનીને ભિન્ન ભિન્ન પ્રકારનો હોય, છતાં તે ઉદયભાવના આધારે કાંઈ જ્ઞાન નથી, જ્ઞાન તો સ્વજ્ઞેયાનુસાર છે. સ્વજ્ઞેયનું જ્ઞાન બધા જ્ઞાનીને હોવાનો નિયમ છે, પણ અમુક ઉદયભાવ હોવો જોઈએ કે અમુક બહારનું જાણપણું હોવું જોઈએ—એવો કોઈ નિયમ નથી. કેમકે આત્માનુભવ તે મોક્ષમાર્ગ છે. આ સંબંધી 'કલશટીકા'માં સરસ વાત કરી છે. ત્યાં કહે છે કે—

''आत्मानुभव परद्रव्यकी सहायतासे रहित है। इस कारण अपने ही में अपनेसे आत्मा शुद्ध होता है।..जीव वस्तुका जो प्रत्यक्षरूपसे आस्वाद, उसको नामसे आत्मानुभव ऐसा कहा जाय अथवा ज्ञानानुभव ऐसा कहा जाय । नामभेद है, वस्तुभेद नहीं है। ऐसा जानना कि आत्मानुभव मोक्षमार्ग है। इस प्रसंगमें ओर भी संशय होता है कि, कोई जानेगा कि द्वादशांगज्ञान कुछ अपूर्व लब्धि है। उसके प्रति समाधान इस प्रकार है कि द्वादशांगज्ञान भी विकल्प है। उसमें भी ऐसा कहा है कि शुद्धात्मानुभूति मोक्षमार्ग है। इसलिये शुद्धात्मानुभूति के होनेपर शास्त्र पढनेकी कुछ अटक नहीं है।' (જુઓ કલશ-૧૩)

બાર અંગ પણ એમ જ કહે છે કે શુદ્ધાત્મામાં પ્રવેશીને જે શુદ્ધાત્માનુભૂતિ થઈ તે જ મોક્ષમાર્ગ છે. જ્યાં શુદ્ધાત્માનુભૂતિ થઈ ત્યાં પછી કોઈ એવો નિયમ કે અટક નથી કે આટલા શાસ્ત્ર જાણવા જ જોઈએ અથવા આટલા શાસ્ત્રો જાણે તો જ મોક્ષમાર્ગ થાય; વિશેષ શાસ્ત્રજ્ઞાન હો ન હો પણ જ્યાં શુદ્ધાત્માનુભૂતિ થઈ ત્યાં મોક્ષમાર્ગ થઈ જ ગયો.

**જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર;**
**જિનપ્રભુજી એમ જ ભણે, શીઘ્ર થશો ભવપાર.**　　—શ્રી યોગસાર


સાધકના જ્ઞાનમાં કંઈક પરાવલંબન પણ છે, પરંતુ તેથી કાંઈ તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન નથી, તેમજ તે પરાવલંબનને જ્ઞાની મોક્ષમાર્ગ પણ માનતા નથી. શુદ્ધાત્મ-અનુભૂતિરૂપ જ્ઞાન જ મોક્ષમાર્ગનું સાધક છે. બાર અંગમાં પણ શુદ્ધાત્માનુભૂતિ જ કરવાનો ઉપદેશ છે ને તેને જ જિનશાસન કહ્યું છે. જેણે શુદ્ધાત્માની અનુભૂતિ કરી તેણે બારે અંગનો સાર મેળવી લીધો, પછી અમુક શાસ્ત્રોનાં ભણતર ભણવા પડે એવો કોઈ પ્રતિબંધ તેને નથી. બાર અંગનું જ્ઞાન હો તો હો, ન હો તોપણ સ્વસત્તાના અવલંબને સ્વાનુભૂતિથી જ્ઞાતા મોક્ષમાર્ગને સાધે છે. ઉદયભાવ હોય તેનું અવલંબન જ્ઞાનીને નથી; ઉદયભાવ અવસ્થાના પ્રમાણમાં છે પણ તેના અવલંબને જ્ઞાન નથી. જ્ઞાન તો સ્વાનુભવપ્રમાણ છે. પરસત્તાવલંબનશીલ જ્ઞાન તે પરમાર્થ નથી, મોક્ષમાર્ગ નથી, સ્વાનુભૂતિરૂપ સ્વસત્તાવલંબનશીલ જ્ઞાન તે જ પરમાર્થ છે, તે જ મોક્ષમાર્ગ છે.

અહો! સ્વાનુભૂતિનો જ મહિમા છે. એ જ ખરી વિદ્યા છે. એના સિવાય બહારની વિદ્યા કે શાસ્ત્રભણતરની વિદ્યા તે પણ મોક્ષની સાધક નથી. સ્વસન્મુખ વળે તે જ વિદ્યા મોક્ષની સાધક થાય. અરે, જ્ઞાનીનુંય પરાલંબી જ્ઞાન મોક્ષસાધક નથી, તો અજ્ઞાનીના પરાલંબીજ્ઞાનની શી વાત? પરાશ્રયભાવના ડુંગરા ખડકે તોપણ તેમાંથી મોક્ષમાર્ગ ન નીકળે. સ્વાલંબનની કણિકા જાગે તેમાંથી મોક્ષમાર્ગ નીકળે.

આ રીતે જ્ઞાની સ્વસત્તા—અવલંબનશીલ જ્ઞાનને જ મોક્ષમાર્ગ સમજે છે, ઉદયના કે બહારના જાણપણાના અવલંબે તે મોક્ષમાર્ગ માનતા નથી; એટલે ઉદયભાવથી કે બહારના જાણપણા ઉપરથી ગુણસ્થાનનું માપ નીકળતું નથી પણ અંદરની શુદ્ધતા ઉપરથી તથા સ્વસત્તાનું અવલંબન કેવું છે તે ઉપરથી ગુણસ્થાનનું માપ નીકળે છે. ચોથા ગુણસ્થાને અસંખ્યાત જીવો, સામાન્યપણે તે બધાને ગુણસ્થાન સરખું કહેવાય, દૃષ્ટિ બધાની સરખી, પણ જ્ઞાનનો ક્ષયોપશમભાવ સર્વ પ્રકારે સરખો હોતો નથી, ક્ષયોપશમભાવનો તથા ઉદયભાવનો એવો સ્વભાવ છે કે તેમાં ભિન્ન ભિન્ન જીવોને તારતમ્યતા હોય છે. ક્ષાયિકભાવમાં તારતમ્યતા ન હોય, તેમાં તો એક જ પ્રકાર હોય છે. લાખો કેવળી ભગવંતો તેરમા ગુણસ્થાને બિરાજે છે, તેમને ક્ષાયિકભાવ સરખો છે પણ ઉદયભાવમાં ફેર છે. ચોથા ગુણસ્થાને અસંખ્યાત જીવોમાં ઉદયભાવમાં કોઈને મનુષ્યગતિનો ઉદય, કોઈને નરકાદિગતિનો ઉદય, કોઈને હજાર જોજનની મોટી અવગાહનાનો ઉદય, કોઈને એક હાથ જેટલી અલ્પ અવગાહના, કોઈને અલ્પઆયુનો ઉદય, કોઈને અસંખ્યાત વર્ષોનું આયુષ, કોઈને અશાતા, કોઈને શાતા—એમ ઘણા પ્રકારથી વિચિત્રતા હોય છે. એ જ રીતે જ્ઞાનમાં પણ ઉઘાડની વિચિત્રતા અનેક પ્રકારની હોય છે. હજી

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)

**કોણ કોની મૈત્રી કરે, કોની સાથે કલેશ;**
**જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ.** —શ્રી યોગસાર




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

### વચનામૃત—૩

**જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે—આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે. ૩.**

**‘જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે.’**

—એટલે? રાગથી ભિન્ન પડીને અંદર ચૈતન્યનું જ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું, એને હવે ફરીને નવું ભેદજ્ઞાન કરવું રહેતું નથી; જ્ઞાનની પરિણતિ—રાગથી ભિન્ન ધારા—સહજ વર્તે છે. અહા! ધર્મીની દશા! જ્ઞાનીની પરિણતિ! પરિણતિ એટલે એની પર્યાય. વસ્તુના સ્વરૂપને વળગીને દશા થઈ છે, રાગથી છૂટીને, તેથી સમકિતીની પરિણતિ–પર્યાય સહજ હોય છે. એને રાગથી જુદો પાડવો પડતો નથી, સહજ પડી ગયો છે; પ્રયત્ન સ્વભાવ-સન્મુખ થયા જ કરે છે.

**‘પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે—આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.’**

પ્રયત્નનું જોર—પુરુષાર્થનું જોર—સ્વભાવસન્મુખ રહ્યા જ કરે છે. ઘડીએ ઘડીએ યાદ કરીને તેમને ગોખવું નથી પડતું કે આ રાગ તે હું નહિ, આ વિભાવ તે હું નહિ. રાગ અને ભગવાન આત્મા બંને ભિન્ન પડ્યા તે જુદા જ રહે; વીજળી પડીને પર્વતના બે ટુકડા થયા તે રેણ દીધે એક ન થાય. જ્ઞાનીને એવું સહજ થઈ ગયું હોય છે—એવી સ્વાભાવિક દશા જ હોય છે.

જ્ઞાનીને જાણવું ને આનંદની દશા, અસ્થિરતાનો રાગ હોવા છતાં, વર્ત્યા જ કરે છે; એને ભેદ કરવો પડતો નથી. સ્વભાવ-સન્મુખ થયો છે અને રાગથી વિમુખ થયો છે તેને આ બાજુનો—સ્વભાવ તરફનો—પ્રયત્ન ચાલુ જ છે, કરવો પડતો નથી; ભેદજ્ઞાનને યાદ કરીને ગોખવું પડતું નથી. એને અહીં વાસ્તવિક ભેદજ્ઞાન કહેવામાં આવે છે. ❀ ❀ ❀

તીર્થ-મંદિરે દેવ-નહિ-એ શ્રુતકેવળીવાણ;
તન મંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ. —શ્રી યોગસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✻ શ્રોતા :—સર્વજ્ઞે જેવું જોયું હશે તેવું થશે એમ કોઈ કહે તો, ગુરુદેવ સાથે એમ પણ કહેતા કે તેં સર્વજ્ઞની સત્તાનો પ્રથમ સ્વીકાર કર્યો છે? તો એમાં પૂજ્ય ગુરુદેવનો શો આશય રહેલો છે?

પૂજ્ય બહેનશ્રી :—જેણે ક્રમબદ્ધ નથી માન્યું તેણે સર્વજ્ઞ માન્યા નથી. જે પોતે દ્રવ્યદૃષ્ટિ કરે છે તેણે સર્વજ્ઞને માન્યા છે. ભગવાને જેમ જોયું હશે તેમ થાશે તેનો સ્વીકાર કરે તે પોતે પણ જ્ઞાતા થઈ જાય છે એમ ગુરુદેવનું કહેવું છે. સર્વજ્ઞને કોણે માન્યા છે? કે જે જ્ઞાતા થઈ જાય તેણે માન્યા છે. જે પોતે હું કરી શકું છું, મારાથી બધું થાય છે તેમ માને છે તે સર્વજ્ઞને–ભગવાનને માનતો નથી, ભગવાને જોયું તેમ થશે તેને માનતો નથી. જે જ્ઞાયક થઈ જાય તેણે ભગવાનને સ્વીકાર્યા છે. તું જ્ઞાતા થઈ જા.

જેણે દ્રવ્યદૃષ્ટિ કરી તેણે જ ક્રમબદ્ધ માન્યું છે, બીજા કોઈએ માન્યું નથી. જેણે દ્રવ્યદૃષ્ટિ કરી તેણે સર્વજ્ઞને માન્યા છે, તેણે ક્રમબદ્ધ માન્યું છે. જે માત્ર લૂખું બોલે છે તેણે ક્રમબદ્ધ માન્યું નથી.

✻ શ્રોતા :—સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અંદરમાં શું થાય?

પૂજ્ય બહેનશ્રી :—ચૈતન્ય જે જુદો હતો તે જુદા સ્વરૂપે પરિણમી ગયો, દુનિયાથી જુદો પડી ગયો. તેની આખી પરિણતિ જ દુનિયાથી અલગ થઈ ગઈ. વિભાવની દશાને અને સ્વભાવની દશાને પ્રકાશ અને અંધકાર જેટલો તફાવત થઈ ગયો.

જે માર્ગ સૂઝતો ન હતો તે માર્ગ મળી ગયો. માર્ગ મળ્યો, પણ કરવાનું હજી બાકી છે. અંદરમાં હજી પોતારૂપે—પૂર્ણપણે પોતે સહજ પરિણમી જાય તે હજી કરવાનું બાકી છે.

✻ શ્રોતા :—શું જ્ઞાની આત્માને આખા માર્ગની સૂઝ પડી જાય છે કે શરૂઆતની આ રીત છે અને આવી રીતે પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જશે?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાનીએ આખો માર્ગ જાણી લીધો કે જે અંશ પ્રગટ થયો છે તે જ માર્ગે આગળ જવાનું છે. જ્ઞાયકનો જે માર્ગ પ્રગટ થયો, જ્ઞાયક–જ્ઞાયકરૂપે પરિણમી ગયો તે

**સ્પષ્ટ ન માને જીવને, જે નહિ જાણે જીવ;**
**છૂટે નહિ સંસારથી, ભાખે છે પ્રભુ જિન.** —શ્રી યોગસાર

માર્ગે જતાં પૂર્ણતા મળશે. જે અંશ પ્રગટ થયો તે માર્ગે ચાલવાથી પૂર્ણતા થશે.

સાધકને માર્ગ અંદરથી સ્પષ્ટ થઈ ગયો છે, તેથી હવે માર્ગ ગોતવા જવું પડતું નથી; તેને કોઈને પૂછવું પડતું નથી. તેને અંદરથી માર્ગ સહજ દેખાઈ ગયો છે. તે માર્ગે ગતિ કરીને પૂર્ણતા–કેવળજ્ઞાન પામશે.

∗ શ્રોતા :—ધવલમાં આચાર્યદેવ કહે છે કે મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે તો તેમાં શું આશય છે?

પૂજ્ય બહેનશ્રી :—મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે તેમ આચાર્યદેવ કહે છે તેનો આશય એ છે કે મતિ–શ્રુતજ્ઞાન કે જે જ્ઞાનનો અંશ છે તે, પૂર્ણ જ્ઞાન—કેવળજ્ઞાનને બોલાવી રહ્યું છે. જે એક અંશ પ્રગટ થયો છે તે કેવળજ્ઞાનને દેખી રહ્યું છે. જેવો આ અંશ છે તેવું જ કેવળજ્ઞાન છે, તે કેવળજ્ઞાન પૂર્ણ છે ને આ મતિ–શ્રુત એક અંશ છે, છતાં તે અંશમાં એટલું સામર્થ્ય છે કે તે કેવળજ્ઞાન લીધે છૂટકો કરશે.

દ્રવ્ય કેવા સ્વરૂપે છે, તેની પૂર્ણતામાં કેવળજ્ઞાન કેવું હોય, સાધકદશા–પાંચમુ, છઠ્ઠું, સાતમું આદિ ગુણસ્થાન કેવાં હોય તે બધું જે એક અંશ પ્રગટ થયો તેણે જાણી લીધું છે. એક સ્વાનુભૂતિ થઈ તેમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર સંબંધી બધું જાણી લીધું છે. અર્થાત્ કેવળજ્ઞાનની પૂર્ણતા સુધીનું જાણી લીધું છે. તેથી જ્ઞાયકની જે પરિણતિ ને ભેદજ્ઞાનની જે ધારા છે તેને વધારતો જાય છે, દ્રવ્યમાં વધારે લીનતા કરતો જાય છે. એકત્વબુદ્ધિ તો તૂટી જ ગઈ છે; તેથી હવે સ્વરૂપમાં વિશેષ લીનતા કરવાની બાકી છે. તેથી ધ્યાનની ધારા વૃદ્ધિગત થતાં આગળ જાય છે. ધ્યાન એટલે એકાગ્રતા, તે એકાગ્રતાની પૂર્ણતામાં કેવળજ્ઞાન પ્રગટે છે. *(ક્રમશઃ)*❑

---

(અનુસંધાન પેજ નં. ૧૫થી ચાલુ)

સાધકને જ્ઞાન-અવસ્થામાં કેટલુંક પરાવલંબીપણું પણ છે, કેમ કે જ્યાં સુધી ઇન્દ્રિયજ્ઞાન છે ત્યાં સુધી પરાવલંબીપણું છે, પણ તે પરાવલંબીપણામાં મોક્ષમાર્ગ જ્ઞાની માનતા નથી. કોઈ જ્ઞાનીનું જ્ઞાન એવું ન હોય કે પરાશ્રયે મોક્ષમાર્ગ માને. પરાશ્રિત ભાવથી મોક્ષમાર્ગ માને તો તે 'જ્ઞાન' નહીં પણ અજ્ઞાન. જ્ઞાનીને જ્ઞાનમાં અમુક પરાલંબીપણું હોવા છતાં મિથ્યાપણું નથી; પરાલંબીપણાને તે ઉપાદેયરૂપ કે મોક્ષમાર્ગ માનતા નથી. મોક્ષમાર્ગ તો સ્વાશ્રિત જ છે,—એમ તે નિઃશંક જાણે છે; એટલે હેય-જ્ઞેય-ઉપાદેયનું સ્વરૂપ તે બરાબર જાણે છે. *(ક્રમશઃ)*❑

**જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;**
**જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યલક્ષણ જીવ.** —શ્રી યોગસાર

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

* શ્રોતા :—જો જ્ઞાન અને આત્મા અભેદ છે, જુદા નથી તો પછી તેમાં ભેદ પાડીને કેમ કહ્યું? જો બંને જુદા ન હોય તો જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય એવા ભેદ કેમ કર્યા?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રસિદ્ધત્વ અને પ્રસાધ્યમાનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. જ્ઞાન પોતે પ્રસિદ્ધ છે અને તે જ્ઞાન વડે આત્માને પ્રસિદ્ધ કરવામાં આવે છે. લોકો જ્ઞાનમાત્રને તો સ્વ-સંવેદનથી જાણે છે. પેટમાં દુઃખે છે, માથું દુઃખે છે એમ કોણે જાણ્યું? જ્ઞાને જાણ્યું. એ રીતે જ્ઞાન તો પ્રસિદ્ધ છે પણ અજ્ઞાની તે જ્ઞાન વડે એકલા પરની પ્રસિદ્ધિ કરે છે, તેથી તે જ્ઞાનને સ્વસન્મુખ કરીને આત્માની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો અને જ્ઞાનનો લક્ષ્ય-લક્ષણ ભેદ પાડીને સમજાવ્યું છે.

* શ્રોતા :—આત્મદ્રવ્ય સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે એમ કહ્યું, તો શું વિકાર-પર્યાયમાં પણ આત્મા વ્યાપક છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા; વિકારપર્યાયમાં પણ તે સમય પૂરતો આત્મા વ્યાપક છે;–પણ આમ જેણે નક્કી કર્યું તેને પોતાની પર્યાયમાં એકલો વિકારભાવ જ નથી હોતો, પરંતુ સાધકભાવ હોય છે કેમ કે 'વિકારભાવ કર્મને લીધે થતો નથી એટલે કે તેમાં કર્મ વ્યાપક નથી, તે વિકારી પર્યાયમાં પણ આત્મદ્રવ્ય જ વ્યાપક છે.' આમ જેણે નક્કી કર્યું તેને વિકાર વખતે પણ દ્રવ્યની પ્રતીતિ ખસતી નથી એટલે 'પર્યાયમાં દ્રવ્ય વ્યાપક છે' એમ નક્કી કરનારને એકલા વિકારમાં જ વ્યાપકપણું રહેતું નથી પણ સમ્યક્ત્વાદિ નિર્મળપર્યાયમાં વ્યાપકપણું હોય છે.

* શ્રોતા :—'કેવળજ્ઞાનની શક્તિ' અને 'કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ'—એ બંનેમાં શું ફેર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનું છે તે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ સદાય છે. 'કેવળજ્ઞાનની શક્તિ' અને 'કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ'—એ બંને જુદી ચીજ છે; કેવળજ્ઞાનની શક્તિ તો અભવ્યમાં પણ છે, પરંતુ કેવળજ્ઞાન પ્રગટવાનો

> **તીર્થ-મંદિરે જિન, લોક કથે સહુ એમ;**
> **વિરલા જ્ઞાની જાણતા, તન-મંદિરમાં દેવ.** —શ્રી યોગસાર

ધર્મ તેનામાં નથી. અભવ્યમાં કેવળજ્ઞાનની શક્તિરૂપ સ્વભાવ છે પણ તેને કેવળજ્ઞાનપર્યાય કદી પ્રગટે નહિ—એવો પણ તેનો સ્વભાવ છે.

* શ્રોતા :—દેહ-દેવળમાં ભગવાન આત્મા સર્વકાળે પ્રત્યક્ષ છે તો અત્યારે કેમ દેખાતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ શક્તિ અપેક્ષાએ પ્રત્યક્ષ છે, જેની દૃષ્ટિ એના ઉપર જાય એને પ્રત્યક્ષ છે. ત્રણે કાળે નિર્મળ છે, ત્રણે કાળે પ્રત્યક્ષ છે, એના સ્વરૂપમાં દયા-દાન આદિના રાગ નથી. જે પ્રત્યક્ષ કરવા માગે છે તેને પ્રત્યક્ષ છે, જે વર્તમાન જ્ઞાનનો અંશ છે તેને ત્રિકાળી તરફ વાળતા પ્રત્યક્ષ છે.

* શ્રોતા :—જીવને હર્ષ-અહર્ષ આદિના સ્થાનો નથી તો તે કોના છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જીવના મૂળ સ્વભાવમાં વિકાર નથી તેથી વિકારના સ્થાનોને પુદ્ગલ કર્મના કહેવામાં આવે છે.

શ્રોતા :—આત્મામાં અનંત શક્તિઓ છે તેમાંથી કોઈ શક્તિ એવી પણ હશે કે આત્મા પરદ્રવ્યનું કાર્ય પણ કરે? જેમ એક ગાયને ચરાવા લઈ જાય તેમ બીજાની પણ બે-પાંચ ગાયને સાથે ચરાવા લઈ જાય છે, તેમ આત્મા પોતાનું કાર્ય કરે છે તો સાથે શરીરાદિનું પણ કાર્ય કરે તો શું દોષ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! સાંભળ, આત્મામાં અનંત શક્તિઓ છે, તે પોતાનું સંપૂર્ણ કાર્ય કરે છે અને અન્ય દ્રવ્યથી ભિન્નપણે પોતાને ટકાવી રાખે છે, અન્ય દ્રવ્યો આત્માથી બહાર લોટતા હોવાથી અને અન્ય દ્રવ્યમાં આત્માનો વ્યાપ્ય-વ્યાપક ભાવે અભાવ હોવાથી આત્મા જ્ઞાનાવરણીયકર્મ કે શરીરાદિ અન્ય દ્રવ્યનું કાર્ય કરવા અસમર્થ છે.

---

(અનુસંધાન પેજ નં. ૨૧ થી ચાલુ)


(૯) મોક્ષમાર્ગ પ્રકાશકમાં જિનાગમ વિરુદ્ધ કાંઈપણ નથી એવો નિર્ણય કઈ રીતે થાય?


**પ્રશ્ન–૪ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** (૫)

(૧) અરિહંતાદિકની ભક્તિ કરવામાં લૌકિક પ્રયોજન ન હોવું જોઈએ, શા માટે?
(૨) મુનિરાજનું મુખ્ય લક્ષણ ક્યું છે?
(૩) મુનિરાજના મુખ્ય ત્રણ પ્રકારો ક્યા ક્યા છે?
(૪) મુનિરાજના અઠ્યાવીસ મૂલગુણો જણાવો.
(૫) મહાન વક્તાઓના ગુણો ક્યા ક્યા છે?

**શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લુંચે કેશ;**
**રાખે વેશ મુનિતણો, ધર્મ ન થાયે લેશ.** —શ્રી યોગસાર

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત**








# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

**પ્રશ્નપત્ર ક્રમાંક-૧ (કુલ માર્ક્સ-૫૦)**

**અભ્યાસ ક્રમ -મોક્ષમાર્ગપ્રકાશક : પ્રથમ અધ્યાય**

પરીક્ષાર્થીનું નામ : ........................................................ ઉંમર : ..........

મંડળનું નામ : ................................................. ગામનું નામ : ................

ફોન નં.: ........................................................ તા. ૨૫-૬-૨૦૧૩

**સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.**

**(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.**

**પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના ત્રણથી ચાર લીટીમાં ઉત્તર આપો. (૧૮)**

(૧) અરિહંત ભગવાનની પૂજ્યતાનું કારણ શું છે?
(૨) શ્રેષ્ઠ સિદ્ધપદ પહેલાં અરિહંત ભગવાનને શા માટે નમસ્કાર કરવામાં આવે છે?
(૩) અરિહંતાદિક દ્વારા પોતાના ક્યા પ્રયોજનની સિદ્ધિ થાય છે? કઈ રીતે?
(૪) મંગલાચરણ શા માટે કરવામાં આવે છે? તે કઈ રીતે કરવામાં આવે છે?
(૫) "અરિહંતાદિકની ભક્તિથી લૌકિક પ્રયોજનની પણ સિદ્ધિ થાય છે," કઈ રીતે?
(૬) આ ગ્રંથના ગ્રંથકાર કોણ છે? તેઓશ્રીએ ક્યા ક્યા આગમોનો અભ્યાસ કર્યો હતો?
(૭) ગ્રંથકારના અભિપ્રાય પ્રમાણે ક્યા શાસ્ત્રો વાંચવા-સાંભળવા જોઈએ?
(૮) 'મોક્ષમાર્ગપ્રકાશક' નામનો નવીન ગ્રંથ રચવાનું કારણ ગ્રંથકારે શું બતાવ્યું છે?

**પ્રશ્ન-૨ વિગતવાર ઉત્તર આપો. (કોઈપણ ત્રણ)(પાંચ થી ૬ લીટીમાં) (૧૫)**

(૧) અરિહંત ભગવાનનું સ્વરૂપ, (૨) સિદ્ધ ભગવાનનું સ્વરૂપ, (૩) મુનિરાજનું સ્વરૂપ,
(૪) વક્તાનું સ્વરૂપ (૫) શ્રોતાનું સ્વરૂપ

**પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના બે લીટીમાં ઉત્તર આપો. (૧૨)**

(૧) વક્તાને શાસ્ત્ર વાંચી ક્યા કાર્યની ઈચ્છા ન હોવી જોઈએ?
(૨) વક્તા ક્રોધી કે માની હોય તો શું હાની થાય?
(૩) વક્તા શાના રહસ્યનો જ્ઞાતા હોવો જોઈએ?
(૪) શ્રોતાની પ્રથમ લાયકાત કઈ?
(૫) વક્તા કઈ બાબતમાં દૃઢ હોવો જોઈએ?
(૬) નિકૃષ્ટ શ્રોતાઓના પ્રકાર કેટલા અને ક્યા ક્યા છે?
(૭) ઉત્તમ શ્રોતાઓના પ્રકાર કેટલા અને ક્યા ક્યા છે?
(૮) મધ્યમ શ્રોતાઓના પ્રકાર કેટલા અને ક્યા ક્યા છે?

(અનુસંધાન જુઓ પેજ નં. ૨૦ ઉપર)

# શિબિર આયોજન પરિપત્ર

પ્રતિ,

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી સમર્પિત મુમુક્ષુ મંડળો,
સાદર જય જિનેન્દ્ર.

સહર્ષ જણાવવાનું કે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૧૦૦મો જન્મજયંતી મહોત્સવ વિશેષ મહોત્સવ તરીકે ઊજવી રહ્યું છે. તે તો આપ સૌને વિદિત જ છે.

આ મહોત્સવ સળંગ બે વર્ષ સુધી વિવિધ કાર્યક્રમોપૂર્વક ઊજવવાની ટ્રસ્ટની ભાવના છે. આ મહોત્સવમાં યોજાનારા અનેકવિધ કાર્યક્રમો પૈકી એક ખાસ કાર્યક્રમ વિવિધ મંડળોમાં આ સમયગાળા દરમિયાન ધાર્મિક શિક્ષણ શિબિરોનું આયોજન કરવાની યોજના છે. આ શિબિરો ક્યારે અને કેવી રીતે યોજવી તેની સામાન્ય રૂપરેખા તૈયાર કરેલ છે.

(૧) જે મંડળોની માગણી હશે ત્યાં આ શિબિરોનું આયોજન કરવામાં આવશે. આ શિબિરો એક-બે કે ત્રણ દિવસોની યોજવામાં આવશે.

(૨) આ માટે જે તે મંડળ પોતાને ત્યાં શિબિર કરવા માગતું હોય તો તે માટે એક પત્ર શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને આપવાનો રહેશે.

(૩) આ શિબિર આપ ક્યારે યોજવા માગો છો તે અંગે આપે આપના પત્રમાં જણાવવાનું રહેશે, તથા પત્રમાં આપના મંડળના અધિકૃત સંપર્કસૂત્રના ફોન નંબર આપશો જેથી આ અંગે આપના સંપર્કમાં રહી શકાય.

(૪) આ શિબિર માટે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ બે વાંચનકાર મોકલવાની વ્યવસ્થા કરશે. તથા આ શિબિર માટે જરૂરી સત્‌સાહિત્ય પણ મોકલવાની વ્યવસ્થા કરશે.

(૫) દરેક મંડળમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજાનારા શિક્ષણ શિબિરના સમાચાર પણ ''આત્મધર્મ''માં આપવામાં આવશે.

(૬) શિબિરોમાં જિનેન્દ્ર પૂજન-ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ વગેરેના કાર્યક્રમો પણ યોજી શકાશે.

લિ.
હસમુખલાલ પોપટલાલ વોરા—પ્રમુખ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

નોંધ : જો આપ આપના મંડળમાં શિબિરનું આયોજન કરવા ઇચ્છતા હોય તો આપના મંડળમાં વિચારણા કરી અમને એક પત્ર અવશ્ય લખશો.

**શિબિરોની આ શ્રૃંખલામાં એક દ્વીદિવસીય શિબિર પૂજ્ય બહેનશ્રીના જન્મધામ વઢવાણ તા. ૨૩–૮–૧૩ થી તા. ૨૪–૮–૧૩ સુધી શ્રી વઢવાણ મુમુક્ષુ મંડળના સૌજન્યથી યોજવામાં આવશે.**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ તથા**

**મુમુક્ષુ સૌજન્યકર્તાઓ દ્વારા**

**અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**

**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૦૦મો જન્મશતાબ્દી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૧૦૦મી જન્મજયંતી આ વર્ષે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા મુમુક્ષુ સૌજન્યકર્તાઓ દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૦૦મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૧૫-૮-૨૦૧૩, ગુરુવાર થી તા. ૨૨-૮-૨૦૧૩, ગુરુવાર– આઠ દિવસ સુધી 'શ્રી વર્તમાન ચતુર્વિંશતિ જિનપૂજા', અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આ અષ્ટાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૧૬-૮-૨૦૧૩થી તા. ૪-૯-૨૦૧૩—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ–ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૫-૭-૨૦૧૩, સોમવારના રોજ સોનગઢમાં રાખેલ છે.)

**નિમંત્રક :**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા

મુમુક્ષુ સૌજન્યકર્તાઓના

જય જિનેન્દ્ર

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :**—અષાઢ સુદ ૭, સોમવાર તા. ૧૫-૭-૨૦૧૩ થી અષાઢ સુદ ૧૫, સોમવાર તા. ૨૨-૭-૨૦૧૩—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

**વીરશાસન જયંતી :**—અષાઢ વદ ૧ તા. ૨૩-૭-૨૦૧૩ મંગળવાર ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ છૂટવાનો દિવસ છે. આ પર્વ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

### ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૦મી જન્મજયંતી (તા. ૧૫-૮-૨૦૧૩ થી તા. ૨૨-૮-૨૦૧૩)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના પ્રૌઢ શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૧૬-૮-૨૦૧૩, શુક્રવારથી તા. ૪-૯-૨૦૧૩, બુધવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

## વૈરાગ્ય સમાચાર :—

અમદાવાદનિવાસી કમળાબેન હરિલાલ કોઠારી (—તે શાંતાબેન પ્રભુલાલ મોહનલાલ ઘીયા, રાજકોટના સુપુત્રી) (વર્ષ-૮૪) તા. ૮-૬-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ખૂબ લાભ લેતા હતા. છેલ્લે રાજકોટથી સોનગઢ આવી રહ્યા હતા ત્યારે સોનગઢ પહોંચતા પહેલાં પાંચેક કિલોમીટર દૂર કાર એક્સીડેન્ટ થતાં એક મહિનો હોસ્પિટલમાં રહીને આત્મજાગ્રતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો અભ્યાસ હતો.

રાજકોટનિવાસી શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ (—તે સ્વ. શ્રી મરઘાબેનના સુપુત્ર) (વર્ષ-૮૧) તા. ૧૮-૬-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વોપદેશનો લાભ લીધો હતો.

સંતરામપુરનિવાસી શ્રીમતી પ્રફુલબેન હસમુખલાલ ગાંધી (વર્ષ-૬૩) તા. ૨૩-૫-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કોલારસ (સાખનૌર)નિવાસી શ્રી હુકમચંદજી જૈન તા. ૨૮-૫-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અધ્યાત્મરસિક હતા.

## (૨)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૨૧) સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રાણિ...................

(૨૨) નિશ્ચયથી પોતાનો આત્મા............................ અને શરણ છે.

(૨૩) ................. અને ................ દેવે પાર્શ્વનાથ ભગવાનની ઉપસર્ગ સમયે રક્ષા કરી હતી.

(૨૪) આહારવર્ગણા આદિ ૨૨ ભેદ .................... ના છે.

(૨૫) અનિત્ય આદિ ...................... ભાવના હોય છે.

(૨૬) સમયસારની ....................... ગાથાને સમયસારનો પ્રાણ કહેવાય છે.

(૨૭) .............................. પર્વમાં દેવો નંદીશ્વર દ્વીપમાં જતાં હોય છે.

(૨૮) પૂજ્ય ગુરુદેવશ્રી પાંચ સમવાયમાં................ ને મુખ્યતાં આપતાં હતાં.

(૨૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ નાનપણમાં નાટક જોઈને ......................... સૌ પ્રથમ કડીવાળું કાવ્ય બનાવ્યું હતું.

(૩૦) આત્મભ્રાંતિ સમ .................... સદ્‌ગુરુ વૈદ સુજાણ;
.................................. પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.

(૩૧) મોક્ષમાર્ગ ................ નથી પણ તેનું નિરૂપણ ................... પ્રકારે છે.

(૩૨) ભગવાન કુંદકુંદાચાર્યદેવ ................... ના પહાડ ઉપરથી વિદેહક્ષેત્રમાં આઠ દિવસ માટે ગયા હતા.

(૩૩) જ્ઞાનીની દશા પૂર્ણ ન થાય ત્યાં સુધી ................ ધારા અને ..................... ધારા સાથે રહે છે.

(૩૪) ............... પુરુષો નિયમથી મોક્ષ જાય છે.

(૩૫) નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,....................................................
............................................. આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

(૩૬) શ્રી કુંદકુંદાચાર્યે સમયસાર ................ ભાષામાં લખેલ છે તથા શ્રી અમૃતચંદ્રાચાર્યે તેના ઉપર................ટીકા.............. ભાષામાં લખેલ છે.

(૩૭) બધા દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત હોય તેને..........દ્રવ્ય કહે છે.

(૩૮) રાગ આગ દાહ દહે સદા..................................

(૩૯) સમ્યક શ્રદ્ધા અને મિથ્યાશ્રદ્ધા એક સાથે રહેવામાં......................... છે.

(૪૦) ..................... નાશ થયા વિના સાચા ધર્મની શરૂઆત થતી નથી.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ
# પ્રશ્ન જૂન-૨૦૧૩ના
# ઉત્તર

(૧) મંગલ

(૨) ગતિ પામેલ સર્વે, વંદી કહું
શ્રુતકેવળી-ભાષિત (કથિત)

(૩) અકંપનાચાર્ય

(૪) અવગાહન,

(૫) શ્રેણિક,

(૬) પરમાણુ,

(૭) ઉપભોગ,

(૮) મહાપદ્મ,

(૯) પર્યુષણ

(૧૦) મારિચી,

(૧૧) ભક્તામર

(૧૨) મુનિ

(૧૩) સર્વજ્ઞ

(૧૪) ચાર ગતિ, પંચમ

(૧૫) આહારક,

(૧૬) ધ્યા અનુભવ તેહને
તેમાં જ નિત્ય વિહાર કર.

(૧૭) યશોધર

(૧૮) માનતુંગાચાર્ય

(૧૯) વાસુપૂજ્ય.... ચંપાપુર

(૨૦) પ્રાકૃત

## (૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૨૧) ભગવાનની પૂજામાં ............... દ્રવ્ય વપરાય છે.

(૧૨) અષ્ટાહ્નિકા પર્વ વર્ષમાં .................. વાર આવે છે.

(૨૩) પરમ પૂજ્ય કાનજીસ્વામીએ દીક્ષા............ માં લીધી હતી.

(૨૪) .................. નંદીશ્વરમાં પૂજા કરવા જઈ શકતા નથી.

(૨૫) રાગ અને દ્વેષ એ ............ ભાવો છે.

(૨૬) ચંપાપુરથી .................. ભગવાન મોક્ષ ગયા છે.

(૨૭) ભરતક્ષેત્ર ................ દ્વીપમાં છે.

(૨૮) બાલબ્રહ્મચારી પાંચ તીર્થંકર (૧)...................... (૨) .......................
(૩) ....................... (૪) .................... (૫) ......................... હતા.

(૨૯) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ ...................માં થયો હતો. તેનું બીજું નામ ................... છે.

(૩૦) આદિનાથ ભગવાનનું ચિહ્ન ................. છે.

(૩૧) આદિનાથ ભગવાનની પહેલા ...................... ભગવાન મોક્ષ ગયા હતા.

(૩૨) ઉંધી માન્યતાનું નામ ................ છે.

(૩૩) પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીએ...................... ભગવાનના ફોટા સામે................ના દિવસે પરિવર્તન કર્યું હતું.

(૩૪) આદિનાથ રાજાના ................. અને ................... પુત્ર હતાં.

(૩૫) અરિહંત ભગવાને ................... કર્મોનો નાશ કર્યો છે.

(૩૬) ધર્મ................ થાય છે.

(૩૭) શંખ ચિહ્ન .................... ભગવાનનું છે.

(૩૮) ............... એ જીવનો અસાધારણ વિશેષ ગુણ છે.

(૩૯) કુંદકુંદાચાર્યદેવે (૧)............. (૨)................ (૩)................ આદિ શાસ્ત્રોની રચના કરી હતી.

(૪૦) પૂજ્ય ગુરુદેવશ્રીને સમયસાર હાથમાં આવતા જ તેમના મુખેથી નીકળ્યું હતું. ‘આ.................. થવાનું શાસ્ત્ર છે.

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન જૂન-૨૦૧૩ના
# ઉત્તર

૧—ઉમરાળા,
૨—સિદ્ધ, ઉપાધ્યાય,
૩—શત્રુંજય,
૪— ૨૪,
૫—સિંહ,
૬—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય,
૭—દેવ, નરક,
૮—છ, સાત,
૯—આદિનાથ,
૧૦—જ્ઞાન,
૧૧—મનુષ્ય,
૧૨—પૂજ્ય બહેનશ્રી ચંપાબેન,
૧૩—ચાર,
૧૪—નિઃસહી, નિઃસહી, નિઃસહી,
૧૫—આદિનાથ,
૧૬—મિથ્યાત્વ.
૧૭—વિદેહ,
૧૮—પૂજ્ય બહેનશ્રીને,
૧૯—દસ,
૨૦—આદિનાથ,

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ નિજસ્વરૂપનો ઉપયોગ તે સુખ છે ને આબાલ-ગોપાલ કરી શકે છે. એ વિના શાંતિનો બીજો કોઈ ઉપાય નથી. ૫.

✻ આત્મામાં એક સુખશક્તિ નામનો ગુણ કે જેની અંતરશક્તિની મર્યાદા અનંત છે. તેવા ગુણની બુદ્ધિ વડે આત્મરૂપ દ્રવ્યનો આદર કરતો પાંચ ઈન્દ્રિયોના ઈન્દ્રો આદિના વિષયોને પણ હેય જાણી છોડે છે. ૬.

✻ ભાવશ્રુતજ્ઞાનરૂપ પરિણમન કે જેમાં સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાય છે તે ભાવશ્રુતજ્ઞાનરૂપ પરિણમન અખંડ એક દ્રવ્યના આશ્રયે પ્રગટે છે જે સર્વજ્ઞનાં સર્વકથનનો સાર છે. ૭.

✻ આત્મા સહજ આનંદ સ્વરૂપ છે તે ખરેખર દુઃખરૂપ નથી. કેમકે પદાર્થનો સહજ સ્વભાવ અવિકૃત હોય છે તેથી અસલમાં દુઃખ નથી. ૮.

✻ સ્વભાવ તે ઈષ્ટ છે, વિભાવ તે અનિષ્ટ છે. સ્વભાવમાં વિભાવનો તથા વિભાવમાં સ્વભાવનો અભાવ છે તે ખરૂ અનેકાંત છે. જગતના જીવોને આ સમજ્યે જ કલ્યાણ છે. ૯.

✻ આત્માનું બળ એટલે કે વીર્ય એમાં એવી તાકાત છે કે તે આત્મસ્વરૂપની રચના કરે છે અને તે જ તેનો સ્વભાવ છે. તે વિકારને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપ જ નથી.

પરમજ્ઞાની આત્માની દિવ્યશક્તિઓનું વર્ણન કરતાં જણાવે છે કે આત્મામાં દ્રવ્ય-ગુણ-પર્યાયની રચનાના સામર્થ્યરૂપ એક વીર્યશક્તિ છે કે જેનું શક્તિવાન એવા આત્મદ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણેમાં વ્યાપવું થાય છે. ૧૦.

✻ એક આત્માને જાણતા સર્વ જાણી શકાય છે, કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે. આત્માનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વને જાણતા પર જણાઈ જાય છે. ૧૧.

✻ જેને સુખી થાવું હોય તેણે સુખ સમૃદ્ધ એવો આત્મા કે જે સુખ સ્વભાવનું આલંબન જ પોતે છે તેના આશ્રયથી સુખી થવાય છે અને દુઃખનો નાશ થાય છે.

એટલે સત્ય પ્રતીતમાં આવે છે અને અસત્યની પ્રતીતિનો નાશ થાય છે. આથી સત્યનું યથાર્થ જ્ઞાન થાય છે અને અજ્ઞાનનો નાશ થાય છે. તેમ જ સત્યમાં સ્થિરતા થાય છે અને અસ્થિરતાનો નાશ થાય છે. ૧૨

આત્મધર્મ
જુલાઈ-૨૦૧૩
અંક-૧૧ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું *

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્સન્મુખતા રહે છે; મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજી સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્-સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પાડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. જેમ સમયસાર ગાથા ૪મા કહ્યું છે કે મિથ્યાત્વનું એકછત્ર રાજ્ય ચાલે છે તેમ જ્ઞાયકનું એકછત્ર લક્ષ આપવું જોઈએ. ઉપયોગ જ્ઞાનમાં એકમાં ન ટકે તો દ્રવ્ય-ગુણ-પર્યાય આદિ વિચારમાં ફેરવે. ઉપયોગને બારીક કરે, ઉપયોગને સૂક્ષ્મ કરતો કરતો જ્ઞાયકના જોરથી આગળ વધે તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org